## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

શીલવંત સાધુને વારે વારે નમીએ, પાનબાઇ !
જેના બદલે નહીં વર્તમાન રે..
ચિત્તની વૃત્તિ જેની સદાય રે'વે નિરમળી ને,
જેને મહારાજ થયા મહેરબાન રે..
શીલવંત સાધુને વારે વારે નમીએ, પાનબાઇ...!

### પાથેય

## સંવાદનો સ્વાદ..

\- રમેશ ઠક્કર

ઘણીવાર આપણે લોકોના કહેતા સાંભળીએ છીએ કે ' હું તો એકાંતપ્રેમી છું..' કેટલાક વળી નિજાનંદી હોવાની વાત કરે છે..જાત સાથે સંવાદ કરવાની શિખામણ પણ મળતી રહે છે..માણસ એકલો પડી શકે ખરો ? હકિકત એ છે કે માણસમાત્ર લાગણીભૂખ્યો હોય છે..એને બીજાની સામે વ્યક્ત થવું ગમે છે..કોઈકની સાથે વાત કરવું પસંદ પડતું જ હોય છે !

એક આદર્શ તરીકે કદાચ એવું કહી શકાય કે જાત સાથે જીવવું એ જ ઉત્તમ છે..માણસે મૌનનો ખૂબ મહિમા કર્યો છે..કોલાહલ પણ કુદરતી છેશે કદાચ ભૂલી જવાય છે..મૌનનો પડઘો હોય છે ! સાચું કહીએ તો આપણે અવ્યક્ત રહી જ શકતા નથી..બોલ્યા વગરની જિંદગી એટલી આનંદમય નથી હોતી..હકીકત માં વાણી એ સંયમથી વ્યક્ત કરવાની કળા છે..એનો સદંતર લોપ શક્ય નથી.

એન્ટન ચેખોવની એક વાર્તામાં એનું પાત્ર જે ખાધેપીધે સંપન્ન હોય છે જાણીતી હસ્તી હોય છે..એ પ્રોટોકોલની રીતે કોઈની સાથે વાત કરવામાં નાનપ અનુભવે છે..એ માણસ એકલો પડે ત્યારે પોતાના ઘોડા સાથે વાતો કરે છે... આવું આપણી આસપાસ અનેક રીતે થતું આપણે જોતા હોઈએ છીએ...સુખસાહેબી અને વિશાળ આવાસોમાં એકલો રહેતો માણસ સોનાની પીંજરમાં પુરાવો હોય એવું અનુભવતો રહે છે.

માણસની પાસે એક ચાહત હોય છે..એના વિચારોનો વૈભવ હોય છે..લાગણી કે પ્રેમ પામવાની મહેચ્છા એનામાં કુદરતે સહજ મુકેલી છે..આહાર માટેની માણસની જે મુળભુત વૃત્તિ છે એમાં માત્ર પેટની ભૂખ નહીં લાગણીની ભૂખ પણ અભિપ્રેત છે..પોતાની વાતનો કયાંક વિસામો મળે..કોઈકની સાથે મનગમતો સંવાદ થાય એની એને તલાશ હોય છે..એના હદયમાં જે હરખની હેલી ઉમટતી હોય છે એની પરખ કોઇ કરે એ દરેકને ગમતું હોય છે..

માણસમાત્ર સંવાદ થકી જ જીવંત રહી શકે છે... એની આ વૃત્તિ જ્યારે બેકાબૂ બને ત્યારે જ લોકો એને શાંત રહેવાની શિખામણ આપે છે..સંવાદ એ સરળ હોય,ટૂંકો હોય, એમાં આરોહ અવરોહ કે શબ્દોની સરસ પસંદગી હોય તો સહુ કોઈને એ ગમી જાય છે... કુશળ વકતાઓ અને એમનાં પ્રવચનો આપણે વારંવાર સાંભળીએ છીએ..દિવસભર આપણે મોબાઈલ ઉપર કે રૂબરૂ કેટલા બધા લોકો સાથે સંવાદ કરતા રહીએ છીએ ? મૌનની શિસ્ત સાથે વાડીના ખળખળ વહેણને વહેવા દેવું એમાં જ કદાચ સંવાદનો મહિમા રહેલો છે...!

# પવાર - મમતાનો નવો મોરચો

**તંત્રીસ્થાનેથી...**

આખરે વિપક્ષી એકતાની પરિકલ્પના પર અલ્પવિરામ મૂકવાનું કામ ખુદ બંગાળનાં મુખ્યમંત્રીના શિરે જ આવી પડ્યું છે. કોંગ્રેસ જેવી હોય તેવી - પણ હજી એનાં મૂળિયાં સાવ જ ઊખડી ગયાં નથી. દેશ આખો એને ગાંધીજી અને પંડિત નહેરુથી લઈ ઈંદિરા ગાંધીની પાર્ટી તરીકે ઓળખે છે. એ વાત જુદી છે કે એ ત્યારે એક પારિવારિક પાર્ટીમાં સંકોચાઈ ગઈ છે અને ખુદ એના જ સિનિયર નેતાઓને સાઈડલાઈન કરવા લાગી છે. મમતા બેનરજીએ પણ શરૂઆત તો કોંગ્રેસી કાર્યકર તરીકે જ કરી હતી અને કોંગ્રેસમાં ચાલતી ચસમપોશીથી નારાજ થઈને એમણે જે પ્રાદેશિક પાર્ટી બનાવી હતી એનું નામ પણ (તૃણમૂલ - Grass root કોંગ્રેસ જ રાખ્યું હતું. જો કે એમની એક દલીલ સાથે સહમત થવું જ પડે એમ છે કે કોંગ્રેસનો કેન્દ્રીય હાઈકમાંડ વિપક્ષી એકતા માટે પોતાની સર્વોચ્ચતા છોડવા કયારેય સહમત થવાનો નથી. મમતાએ સિવિલ સોસાયટીના પ્રતિષ્ઠિત વિચારકો - સામાજિક કાર્યકરો અને લોકસેવકોને સાથે રાખી વિશાળ મંચ બનાવવાની જે દરખાસ્ત મૂકી હતી તે સોનિયા પરિવારને ગમી નહોતી. સોનિયા ગાંધી સુપેરે જાણે છે કે એમના કુંવરને વિપક્ષો કે પ્રજાજનો વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે અથવા મોદીના વિકલ્પ તરીકે કયારેય સ્વીકારવાના નથી. મમતા અને શરદ પવાર જેવા પ્રાદેશિક પાર્ટીઓના આગેવાનો પૈકી કોઈ એક નામ આગળ ધરીને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી લડવામાં સોનિયા મંડળીને રસ નથી. કોંગ્રેસનું તેજવર્તુળ ઝંખવાઈ ચૂક્યું છે એ સર્વવિદિત છે. એથી એની સાથે 'યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયંસ' - સંયુક્ત પ્રગતિશીલ મોરચામાં સામેલ પ્રાદેશિક પાર્ટીઓ એનાથી અલગ થઈ પોતપોતાની સ્થિતિ મજબૂત કરવા લાગી ગઈ છે. બિહારની બે બેઠકોની પેટાચૂંટણીમાં લાગુ યાદવના નેતૃત્વવાળી રાષ્ટ્રીય જનતા દળ જેવી પાર્ટીએ કોંગ્રેસ સાથે ગઠબંધન કરીને જીતવાને બદલે એકલા હાથે લડી લઈ હારી જવાનું પસંદ કર્યું હતું. ઉત્તરપ્રદેશમાં માયાવતીની બસપા કે મુલાયમની સમાજવાદી પાર્ટી હવે ભૂલથી પણ કોંગ્રેસ સાથે ગઠબંધન કરવા તૈયાર નહીં થાય. મહારાષ્ટ્રમાં નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી અને કોંગ્રેસનું ગઠબંધન છે એ માત્ર સત્તાલક્ષી છે. શરદ પવાર જેવા વિચક્ષણ નેતાએ પરસ્પર વિરોધી વિચારધારાવાળી શિવસેના અને કોંગ્રેસને સાથે બેસાડી ભાજપાને સત્તાથી દૂર રાખવામાં સફળતા મેળવી છે. મમતા બેનરજીએ પોતાને એક લોકસેવિકા અને કાર્યકર્તા તરીકે ઓળખાવીને હવે રાજકીય સલાહકાર પ્રશાંત કિશોરે ઊભી કરેલી નવી વ્યૂહરચના મુજબ કોંગ્રેસને કોરાણે મૂકી પ્રાદેશિક પાર્ટીઓ સાથે ગઠબંધન રચવાનો વિકલ્પ વિચાર્યો છે અને એના અમલીકરણ માટે દેશવ્યાપી પ્રવાસ શરૂ કર્યં છે. મહારાષ્ટ્રમાં એમને શિવસેના અને એનસીપી તરફથી 'પોઝિટિવ' સંકેતો પણ સાંપડ્યા છે. આથી સ્વાભાવિક રીતે જ કોંગ્રેસે હવે મમતા બેનરજી વિરુદ્ધ નિવેદનબાજી શરૂ કરાવી છે. મમતાએ રાહુલ ગાંધીની નેતૃત્વ ક્ષમતા વિરુદ્ધ ખુલ્લું નિવેદન આપ્યું કે તાબડતોબ બંગાળના જ સાંસદ અને લોકસભામાં કોંગ્રેસ પક્ષના નેતા અધીરરંજન ચૌધરીએ મમતાને ગાંઠપણ વળગ્યું છે તથા બંગાળ એ ભારત નથી એટલું જ નહીં પણ મમતા અને ભાજપની સાંઠગાંઠ હોવા સુધ્ધાંનાં આત્યંતિક વિધાન કરીને સોનિયા - રાહુલને વહાલા થવાની કોશિશ કરી છે. હરીકત એ છે કે ૨૦૨૪ આવતાં સુધીમાં મમતા-શરદ પવાર અને ઉદ્ધર ઠાકરે તથા અખિલેશ યાદવ જેવા પ્રાદેશિક નેતાઓ ત્રીજો મોરચો બનાવી મોદીની જીત આસાન બનાવી દેશે !

# પ્રજ્ઞાચક્ષુ કવિરાજ શ્રીપાલ



અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

૩ ડિસેમ્બર વિશ્વ વિકલાંગ દિવસ છે, વિશ્વ દિવ્યાંગ દિવસ છે. આ નિમિત્તે શ્રીપાલનું પુણ્ય સ્મરણ થાય છે.

અણહિલપુર પાટણમાં શ્રીપાલ (ઈ.સ. ૧૦૯૪થી ઈ. ૧૧૫૨) પ્રાગવાર (પોરવાડ) વંશના જૈન વણિકને ઘરે જન્મ્યા હતા.

આબુ-દેલવાડા ઉપર ઈ.સ. ૧૧૫૦માં હસ્તીશાળા બની હતી. એમાં શ્રીપાલની પ્રતિમા છે. એમના પિતાનું નામ લક્ષ્મણ હતું. શ્રીપાલ બંને આંખે અંધ હતા.

તે સિદ્ધરાજ જયસિંહના આશ્રમમાં હતા. સિદ્ધરાજના બાળમિત્ર હતા. સિદ્ધરાજ કાયમ એને 'ભાઈ' કહે. 'કવીન્દ્ર' કહે. એને માટે સાર સ્વતચક્ષુ ક, મહાકવિ, કવિ ચક્રવર્તી વગેરે વિશેષણો વાપરે એ ષડ્ભાષા ચક્રવર્તી હતા. સમકાલીન કવિઓ એની પાસે પોતાનાં કાવ્યો માટે માર્ગદર્શન માટે આવતા પ્રાગ્વાર વંશમાં એ ચંદ્ર સમાન હતા. બુદ્ધિ પ્રતિભામાં અજોડ હતા. પ્રખર વક્તા હતા. સૌ કોઈને ક્ષમા આપી શકે એવા ઉદાર હતા. પરમ અર્હત હતા.

સિદ્ધરાજનું ઈ.સ. ૧૧૪૪માં અવસાન થયું. એના અનુગામી કુમારપાળ હતા. એ એમના પણ આશ્રમમાં હતા. સિદ્ધરાજના અવસાન પછી આઠ વર્ષે જીવ્યા. કુમારપાળે સંઘપતિ થઈને શત્રુંજય વગેરે જૈન તીર્થોની યાત્રા કરી હતી. ત્યારે શ્રીપાલ એમની સાથે હતા. યાત્રાઓ દરમિયાન શ્રીપાલ એમને એ સંઘને વ્યાખ્યાનો આપતા રહેતા.

શ્રીપાલના પુત્ર સિદ્ધરાજ અને શ્રીપાલના પૌત્ર વિજયપાલ પણ કવિઓ હતા.

શ્રીપાલના સાહિત્યિક પ્રદાનની નોંધ લેવી જરૂરી છે :

(૧) પાટણની ઉત્તરે સરોવર હતું. સિદ્ધરાજે એનું પુનઃનિર્માણ ઈ.સ.૧૧૪૦માં કરાવ્યું. એને સહસ્રલિંગ નામ આપ્યું. શ્રીપાલે સહસ્રલિંગસરનું પ્રશસ્તિ કાવ્ય રચ્યું. આ પ્રશસ્તિમાં ૧૦૮ શ્લોક છે. કીર્તિસ્તંભ ઉપર આ કાવ્ય કોતરાયેલું છે.

(૨) સિદ્ધરાજે પાટણથી વાયવ્ય દિશામાં રુદ્રમહાલય (ઈ.સ. ૧૦૪૨) નું નિર્માણ કર્યું. એને ભવ્ય રુપ આપ્યું. શ્રીપાલે એનું સ્તુતિકાવ્ય રચેલું એ મહાલય ઉપર કોતરાવેલું છે.

(૩) કુમારપાળે વડનગર ફરતો કોટ બંધાવ્યો હોત. શ્રીપાલે વડનગર પ્રશસ્તિની રચના આ નિમિત્તે કરેલી એ અર્જુન બારીને દરવાજે કોતરવામાં આવી હતી.

(૪) માત્ર એકજ દિવસમાં શ્રીપાલે 'વૈરોચન પરાજય' નામે પ્રબંધનકાવ્ય રચ્યું હતું. એમાં વિરોચનના પુત્ર બલિરાજાને ભગવાન વિષ્ણુએ પરાજિય કર્યો, એ વિષય છે.

(૫) શ્રીપાલનું એક કાવ્ય ૨૯ શ્લોક ધરાવે છે. એમાં ૨૪ તીર્થકરોની સ્તુતિ છે.

(૬) સિદ્ધરાજે માળવાનો વિજય મેળવ્યો છે. (ઈ.સ. ૧૧૩૫-૩૬) ત્યારે શ્રીપાલે એમની સ્તુતિ કરી. આ સ્તુતિકાવ્ય છે.

(૭) આ પ્રકારની ઉત્તમ કવિપ્રતિભા ધરાવતા આ પ્રજ્ઞાચક્ષુ કવિરાજને વિશ્વ દિવ્યાંગ દિવસે શ્રદ્ધાંજલિ.

### દિન મહિમા

- વિશ્વ દિવ્યાંગ દિન
દિવ્યાંગ વ્યક્તિને પણ સમાજમાં સ્વાભિમાનભેર જીવવાનો હક છે.દિવ્યાંગ હોવા છતાં વ્યક્તિ પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓ વડે સમાજમાં માનભેર જીવી શકે છે તેઓ સમાજમાં માનભેર જીવી તથા સમાજમાં જાગૃતિ આવે તે હેતુસર દર વર્ષે આજના દિવસે વિશ્વ દિવ્યાંગ દિન ઉજવાય છે.
- ડૉ. રાજેન્દ્રપ્રસાદ જન્મજયંતિ
ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદનો જન્મ ૩ ડિસેમ્બર, ૧૮૮૪માં બિહારના જીરાદેયુમાં થયો હતો. ડૉ. રાજેન્દ્રપ્રસાદ ભારતના એકમાત્ર રાષ્ટ્રપતિ હતા જેઓ બે કાર્યકાળ સુધી રાષ્ટ્રપતિ પદ પર રહ્યા હતા.

આજનું

### ઔષધ

- એક ગ્લાસ હુંફાળા પાણીમાં એક ચમચી આદુનો રસ અને બે ચમટી મધ મેળવીને પીવાથી અજીર્ણ મટે છે.

### ખડખડાટ

ડૉક્ટર : જમાય છે?

કાકા : છે ને! ચાર છે, પણ ચારેય નકામા...

ડૉક્ટર : અરે, એમ નહીં... ખવાય છે ?

એમ પૂછું છું...

આજનો

### વોટ્સએપ

- તમારો ઉપયોગ કરવાવાળાને તમે ઓળખતા જ હશો, પણ તમારી ચિંતા કરવાવાળાને તમારે જ શોધવા પડશે...
- સ્વર્ગ મેળવવા માટે મરવાની જરૂર નથી. એકબીજાને મદદ કરવાની ભાવના હોય તો આ ધરતી પર જ સ્વર્ગ છે.

# ગ્રામ પંચાયતના સભ્યોની ચૂંટણીની તારીખ કોણ નક્કી કરે છે ?



ખજાનો

અનિલ પટેલ

### પંચાયતી રાજ

૧ ગુજરાતમાં પંચાયત સમિતિ કોના અધ્યક્ષ સ્થાને ભરાઈ હતી?
(અ) અશોકભાઈ મહેતા (બ) જીવરાજ મહેતા
(ક) યુ એન ઢેબર **(ડ) રસીકભાઈ પરીખ**

૨ ગુજરાતમાં કેટલા સ્તરનું પંચાયતી રાજ છે?
(અ) એક સ્તરીય (બ) દ્વિસ્તરીય
**(ક) ત્રણ સ્તરીય** (ડ) ચાર સ્તરીય

૩ ગુજરાતમાં પંચાયત ધારો કઈ સાલથી અમલમાં છે?
(અ) ૧૯૬૦ **(બ) ૧૯૬૩**
(ક) ૧૯૭૪ (ડ) ૧૯૮૦

૪ સૌ પ્રથમ પંચાયતી રાજની શરુઆત કયા રાજયમાં થઈ હતી?
**(અ) રાજસ્થાન** (બ) હિમાચલ પ્રદેશ
(ક) પંજાબ (ડ) તામિલનાડુ

૫ ભારતમાં પંચાયતી રાજની શરુઆત કઈ સાલમાં થઈ હતી ?
**(અ) ૧૯૫૯** (બ) ૧૯૬૦
(ક) ૧૯૬૩ (ડ) ૧૯૬૫

૬ ભારતમાં પંચાયતીરાજની શરુઆત કોના હસ્તે થઈ હતી ?
(અ) સરદાર પટેલ (બ) મોરારજી દેસાઈ
**(ક) જવાહરલાલ નહેરુ** (ડ) ઈંદિરા ગાંધી

૭ ગુજરાત રાજયમાં પંચાયતોમાં તલાટીની ભરતી કોણ કરે છે ?
(અ) ગુજરાત જાહેર સેવા આયોગ (બ) જિલ્લા પંચાયત
**(ક) ગુજરાત ગૌણ જાહેર સેવા આયોગ** (ડ) તાલુકા પંચાયત

૮ નીચેનામાંથી કઈ વ્યક્તિ તાલુકા મેજિસ્ટ્રેટ હોય છે ?
(અ) કલેકટર (બ) તાલુકા વિકાસ અધિકારી
(ક) જિલ્લા વિકાસ અધિકારી **(ડ) મામલતદાર**

૯ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ કેટલા ટકા કરવામાં આવ્યું છે ?
(અ) ૧૦ ટકા (બ) ૨૦ ટકા
**(ક) ૩૩ ટકા** (ડ) ૪૦ ટકા

૧૦ ૧૯૨૦માં ગ્રામ પંચાયતને લગતો કયો કાનૂન ઘડવામાં આવ્યો ?
(અ) પંચાયતી ધારો (બ) બંગાળનો ગ્રામ સ્વરાજ કાનૂન
(ક) જિલ્લા વિકાસ ધારો **(ડ) મદ્રાસ, મુંબઈ અન સંયુક્ત પ્રાન્ત**

૧૧ ગ્રામ પંચાયતના સભ્યોની ચૂંટણીની તારીખ કોણ નક્કી કરે છે ?
**(અ) તાલુકા વિકાસ અધિકારી** (બ) ગ્રામ સેવક
(ક) તલાટી મંત્રી (ડ) જિલ્લા વિકાસ અધિકારી

૧૨ ગ્રામ પંચાયતની સમિતિની સભા ઓછામાં ઓછી કેટલા મહિનામાં એકવાર ભરાવી જોઈએ ?
(અ) બે મહિનામાં **(બ) ત્રણ મહિમામાં**
(ક) ચાર મહિનામાં (ડ) છ મહિનામાં

૧૩ કેન્દ્રીય જાહેર સેવા આયોગના ચેરમેન અને સભ્યોની નિમણૂંક કોણ કરે છે ?
(અ) રાજયપાલ (બ) વડાપ્રધાન
**(ક) રાષ્ટ્રપતિ** (ડ) ઉપરાષ્ટ્રપતિ

૧૪ પંચાયતી રાજનો ઉદ્દેશ શું છે?
(અ) રોડ-રસ્તાનો વિકાસ (બ) કૃષિ વિકાસ
(ક) સામાજિક વિકાસ **(ડ) સ્થાનિક લોકશાહી વહીવટ**

૧૫ પંચાયતી રાજયની પ્રણાલીકા કઈ બાબત પર આધારીત છે ?
**(અ) સત્તાનું વિકેન્દ્રીકરણ** (બ) સત્તાનું કેન્દ્રીકરણ
(ક) મૂડીવાદી પ્રણાલિકા (ડ) જમીનદારી પ્રથા

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૩ ડિસેમ્બર : ભોલાસ ગેસ દુર્ઘટના વર્ષ
ભોપાલ ખાતે આવેલ યુનિયન કાર્બાઈડ પ્લાન્ટમાંથી ઝીંક નામનો ઝેરી ગેસ લીક થતાં, ૨૦ હજાર લોકોનાં મોત થયા (૧૯૮૪)
પુલીત્ઝર પ્રાઈઝ વિજેતા આફ્રિકન - અમેરિકન લેખિકા ગ્વેન્ડોલીન બ્રુકસનું શિકાગો ખાતે અવસાન થયું (૨૦૦૦)
ચાઈલ્ડ સાયકો એનાલીસની શરુઆત કરનારા અન્ના ફ્રેઈડનો જન્મદિવસ (૧૮૯૫)
સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદનો જન્મદિવસ (૧૮૪૪)
- ૪ ડિસેમ્બર : નેવી ડે
નાશા દ્વારા પાર્થ ફાઈન્ડર મંગળની ધરતી પર ઉતારવામાં આવ્યું (૧૯૯૬)
\- ઈંગ્લીશ ફિલોસોફર થોમસ હોબ્સનું ૯૧ વર્ષની વયે અવસાન (૧૬૭૯)
\- ભારતના આઠમા રાષ્ટ્રપતિ આર વેન્કટ રામનનો જન્મદિવસ (૧૯૧૦)
\- ક્રિકેટ જગતમાં એલ. અમરસિંહ તરીકે ઓળખાતા અમરસિંહ નકુમનો જન્મદિવસ (૧૯૧૦)
- ૫ નવેમ્બર :
\- ક્રાન્તિકારી દેશભક્ત મહર્ષિ અરવિંદ ઘોષનું નિધન થયું (૧૯૫૦)
\- અમેરિકન ફિલ્મ પ્રોડ્યુસર વોલ્ટ ડીઝનીનોજન્મ દિવસ (૧૯૦૧)
\- દક્ષિણ આફ્રિકાના ગાંધી તરીકે નામના મેળવનાર નેલ્શન મંડેલાનું ૯૫ વર્ષની વયે અવસાન (૨૦૧૩)
\- મશહુર ઓસ્ટ્રેલિયન કમ્પોઝર વોલ્ફગન એમડસનું ૩૫ વર્ષની વયે અવસાન (૧૭૯૧)
- ૬ ડિસેમ્બર :
\- ભારતીય તત્વજ્ઞાનના યુરોપિયન અભ્યાસુ મેક્સ મુલરનો જન્મદિવસ (૧૮૨૩)
\- મશહુર અમેરિકન એક્ટર વિલિયમ એસ હર્ટનો જન્મદિવસ (૧૮૭૦)
\- નાશાએ માર્સ ગ્લોબલ સર્વેયર દ્વારા લેવામાં આવેલ તસ્વીર જાહેર કરી જેમાં મંગળ પર પાણી હોવાની શક્યતા છે. (૨૦૦૬)
\- બાબરી મસ્જિદના માળખાને અયોધ્યામાં તોડી નંખાયું (૧૯૯૨)
- ૭ ડિસેમ્બર :
\- અવાજની ગતિએ પ્રથમવાર વિમાન ચલાવનાર અમેરિકન પાયલોટ ચક યેન્ગરનું ૯૭ વર્ષની વયે અવસાન (૨૦૨૦)
\- હામીદ કઝાઈનું અફઘાનિસ્તાનના વડાપ્રધાન તરીકે ચૂંટાયા (૨૦૦૪)
\- અમેરિકન અવકાશ યાત્રી એયુજન એન્ડ્રુ કેનેમ ચંદ્રની ધરતી પર જવાના અપોલો પ્રોગ્રામનું છેલ્લી ફલાઈટ દ્વારા સમાપન કર્યું (૧૯૭૨)
\- પ્રથમ વિશ્વયુદ્ધમાં એસ્ટ્રો - હંગેરિયન એમ્પાયર સાથે યુદ્ધ જાહેર કર્યું (૧૯૧૭)
- ૮ ડીસેમ્બર :
\- તત્ત્વજ્ઞાની પંડિત સુખલાલજીનો જન્મદિવસ (૧૮૮૦)
\- અમેરિકન અવકાશયાત્રી જહોન ગ્લેનનું ૯૫ વર્ષની વયે અવસાન (૨૦૧૬)
\- અમેરિકન કંપની સ્પેસકસ પ્રથમ કોમર્શિયલ કંપની બની જેણે ડ્રેગોન કેપ્સ્યુલ ઓર્બીટમાં મોકલી અને સફળતા પૂર્વક પૃથ્વી પર પરત લાવ્યા. (૨૦૧૦)
\- સ્વતંત્ર સેનાની નાના સાહેબ પેશ્વાનો જન્મદિવસ (૧૮૨૪)
- ૯ ડીસેમ્બર :
\- નોબેલ પારિતોષિક વિજેતા લીચ વાલેસા પોલેન્ડના વડાપ્રધાન બન્યા (૧૯૯૦)
\- ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન રોબર્ટ હવાકનો જન્મદિવસ (૧૯૨૯)
\- સોનિયા ગાંધીનો જન્મદિવસ (૧૯૪૬)
\- શીતળા સામે રસીકરણ માટે વિશ્વ આરોગ્ય સંસ્થાએ વૈશ્વિક અભિયાન ચલાવ્યું (૧૯૭૯)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

ઉર્જા સંરક્ષણ દિવસ કયારે ઉજવાય છે ?

જવાબ : ૧૪ ડિસેમ્બર

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬ (૩) ઋજિત રાવલ : સે-૭ડી (૪) શિવાંગ પટેલ : સરગાસણ (૫) હાર્દિક મકવાણા : સે-૨૪

**આ સપ્તાહનો સવાલ**

કેન્દ્ર સરકારમાં કયા નેતા કેન્દ્રીય કૃષિમંત્રી છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# વડીલશાહી - ઘરડાપાની ગઈકાલ અને આજ !!



હળવે હૈયે

પ્રકાશ લાલા

'સાસ ભી કભી બહુ થી...', 'મોટે ભી કભી પતલે થે...', 'બડે ભી કભી છોટે થે....' એ ન્યાયે (અત્યારે ભલે અમે હિંદી અને ગુજેરાતી બંને અર્થમાં 'મોટા' થઈ ગયા છીએ પણ) એક કાળે અમે નાના હતા ત્યારની વાત છે.

આ 'નાના' ને 'મોટા' પરની એક જોક છે.... નેતાજી એક ગામડામાં ગયા... નેતાજીએ ગામવાસીઓને પૂછ્યું : 'તમારા ગામમાં કોઈ મોટું માણસ જન્મ્યું છે?' ભોળા ગ્રામજનોએ (હા, ત્યારે - એક જમાનામાં ગામડાના માણસો ભોળા હતા !!) જવાબ આપ્યો : 'ના, સાહેબ... અમારા ગામમાં તો બધાં નાના-નાના છોકરા જ જન્મે છે. તમારા ગામમાં મોટા માણસ જન્મે છે ? નવાઈની વાત કહેવાય.' નેતાજી ચૂપ !!

અમે નાના હતા ત્યારે એક વાત ખાસ માર્ક કરેલી કે પરિવાર -સમાજના વડીલો બધાને શિખામણો આપવાનું જ કામ કરે છે.... દરેક પ્રસંગ માટે, દરેક માટે, જયાં ને ત્યાં, જેને ને તેને સલાહ-સૂચન-ઉપદેશ આપવા આ મુરબ્બીઓનો શિખામણનો પટારો ૨૪ x ૭ હરદમ ખુલ્લો જ હોય છે! 'વડીલો' કહીએ છીએ ત્યારે પુરુષોને સ્ત્રીઓ બંનેની વાત છે. વડીલોનો આ વગર માગ્યે સલાહ આપતા રહેવાનો (અવ) ગુણ 'વડીલશાહી' કે 'ઘરડાપા' તરીકે ઓળખાય છે. વડીલશાહી ઘરડાપો વ્યક્તિઓમાં વયવૃદ્ધિ - વડીલપણું આવવા સાથે સ્વયં ઊગી નીકળતાં - ફૂટી આવતા આવે છે.... અને આપમેળે જ એનો ઉપયોગ શરૂ થઈ જતો હોય છે. જો કે પછી વડીલેતર - વડીલ ના હોય એવા - નાની ઉંમરનાને ય 'ઘરડાપો' કરતા જોઈ અમે નોંધ્યું કે વય સાથે જેને સંબંધ છે એ 'વડીલ શાહી' - માં કેટલાક અપવાદરુપ હોય છે !!

હા, વડીલો - મુરબ્બીઓનાં દરેકને ધડ દઈને સલાહ આપવા બેસી જવાની શક્તિ અને દરેક વિષયના એમના 'જ્ઞાન' (!) - અનુભવ વિશે માન થતું પણ વગર માગ્યે એવું કરતા જોઈ એમના તરફના આ અહોભાવનું બાષ્પીભવન પણ થઈ જતું હતું.

અમારા ઘરે એક વડીલ આવતા. 'નાના બાપા' એમનું નામ. જરા વિચિત્ર લાગ્યું ને કે 'બાપા' વળી 'નાના' કઈ રીતે હોય ? પણ આ મુરબ્બી 'નાના બાપા' જ હતા... ડોન્ટ ગેટ કન્ફયુઝ્ડ્ સમજાયું. એમનું નામ નાનાલાલ. સંબંધમાં અમારા દૂરના મોટા કાકા ખાય. મોટા કાકાને 'બાપા' કહેવાનું ચલણ. કુટુંબ - પરિવારમાં આવા મોટા કાકા-'બાપા' ઘણા હોય એટલે અલગ પાડવા 'નાનાલાલ બાપા' કહેતા. એમાંથી પછી 'નાના બાપા' થઈ ગયેલું. અન્ય વડીલોની માફક 'નાના બાપા' ને પણ અમે એક જ કામ કરતા જોયેલા, દરેક વાતમાં, દરેકને કંઈક ને કંઈક ટકોર કરતા - સલાહ પીરસ્યા કરતા... જાણે આ જ એમનો છૂટક ને જથ્થાબંધ વ્યવસાય ના હોય ! પાછી 'નાના બાપા'ની શિખામણો સિમ્પલ ભાષામાં ના હોય પણ કહેવત - સુવાયકો મિશ્રિત હોય. ઘરે બેસવા - મળવા આવ્યા હોય ત્યારે ય અમારાં બાપુજી ને અમને છોકરાંઓને શિખામણનો નાનો-મોટો ડોઝ પીવડાવ્યા વગર ના રહે.... વાત કરતાં પિતાજી ઉગ્ર બની જાય તો 'નાના બાપા' તરત કહે : 'ગુસ્સે ના થાવ... ક્રોધ સમાન માણસનો બીજો કોઈ શત્રુ નથી...' અમારા બાને શિખામણ આપે : 'ખર્ચમાં ખ્યાલ રાખવો જોઈએ. કરકસરથી જીવતાં શીખો... ત્રેવડ ત્રીજો ભાઈ છે, સમજ્યાં ને? રુપિયા કંઈ ઝાડ પર નથી પાકતા... કેટલા વીસે સો થાય એ ખબર છે જ ને!'

એમની હાજરીમાં અમે ભાંડુરડાં કોઈ મુદ્દે ઝઘડ્યાં તો ખલાસ. મોટા અવાજે 'નાના બાપા' ની સલાહ આવી જ પડે : 'વિવેકી બનો, શિસ્ત જાળવો.... વિદ્યા વિનયથી જ શોભે છે... બધા સંપીને રહો કેમ કે સંપ ત્યાં જંપ....' વગેરે વગેરે....

'નાના બાપા' અને બીજા વડીલોને બસ આ જ કરતા જોયેલા, પણ ત્યારે મોટાંની આમન્યા જાળવવી પડતી... ના ગમે તોય સાંભળી લેવું પડતું હતું....'નાના બાપા'ને છીંકણી સૂંઘવાની ટેવ. છીંકણી સૂંઘી, ચપટી ખંખેરી ઘરમાં છીંકણી છીંકણી કરે ને પાછા કહે : 'માણસે વ્યસનના ગુલામ કદી ના બનવું જોઈએ! લત બહુ બુરી ચીજ છે...' સલામે નહીં બોલવાનાં સંસ્કાર છતાં એકવાર અમારાથી કહેવાઈ ગયું : 'નાના બાપા, તમને છીંકણી સૂંઘવાની આદત છે તે તમે વ્યસનના ગુલામ કહેવાય કે નહીં?' આ સાંભળીને એમનો ચહેરો તંગ થઈ ગયો, મોં પર 'રામાયણ' સિરિયલના રાવણ જેવો ક્રોધ વ્યાપી ગયો ને તાડૂક્યા : 'ચૂપ ! મોટા કહે એમ કરવાનું... કરે એમ નહીં, સમજ્યો ?' બસ, ત્યારથી બે વાત અમે બરાબર સમજી ગયેલા. એક તો એ સલાહ - શિખામણ આપવી એ વડીલોનો જન્મસિદ્ધ અધિકાર છે... અને બીજું કે મોટા થઈશ, (એ તો થવાનો જ.... એમાં કયાં અમારે કાંઈ વિશેષ પ્રયત્ન કરવાના હતા, હેં ?) કુટુંબ - સમાજ - સર્કલ અમને 'વડીલ' નું લેબલ લગાવશે ત્યારે અમે સલાહ - સૂચનો કરવાની ગુસ્તાખી નહીં કરીએ - વણમાગ્યે તો ભૂલેચૂકે ય કદી ય નહીં...

પણ નાનપણમાં લીધેલી આ પ્રતિજ્ઞા છતાં મોટા થયા પછી - વડીલ બન્યા પછી - બીજાને શિખામણ આપવા જરાય સારી વાત નથી એ જાણવા છતાં આજે ઉંમર સાથે 'વડીલ શાહી' આવી ગઈ છે, અને વાત વાતમાં અમારું ડહાપણ ડહોળવાની - સલાહ શિખામણો આપી બેસવાની ભૂલ અમારાથીય થઈ જાય છે.... ઘરમાં પત્ની, ઉંમરલાયક બાળકો, પડોશી, મિત્રો, સગાં-વ્હાલાં સૌને સલાહ અપાઈ જાય છે.... કદાચ 'વડીલો' ને વળગેલો 'ઘરડાપા' - 'વડીલશાહી'નો આ રોજ જ ચેપી ને ચીકણો છે !!

અમે એક મિત્ર જોડે આ બાબતમાં વાત કરતાં હતા.... એણે કહ્યું : 'જો કે આજકાલ આવા સુધારો જોવા મળે છે... મોટા ભાગના વ્યસ્કો - વડીલો સંયમ રાખતા થયા છે.... ઝટ દઈને ઉપદેશ આપવા નથી મંડી જતા... પણ એનું કારણ ખબર છે? આજની પેઢી વડીલોને સાંભળી - સાંખી લેવાના બદલે સંભળાવી દે તેવી છે... જે લાગે તે સ્પષ્ટ મોં પર કહી દેવામાં માને છે.... નવી પેઢીનો મંત્ર છે : સ્પષ્ટ વક્તા સુખી ભવેત... કેવળ આ કારણથી વડીલો 'કંટ્રોલ' રાખે છે. એમને ય ખબર છે કે વૃદ્ધાવસ્થામાં સુખી રહેવું હોય, માન જાળવવું તો મૌન રાખવું, દરેક વાતમાં માથું ના મારવું અને માગ્યા વગર સલાહ ન આપવી...'

'હા.... ને આ સુખી થવાનો મંત્ર પાછો આપણને કોઈને કોઈ સંત - વિચારક - અનુભવી દ્વારા ઉપદેશરુપે જ મળ્યો હોય છે!'

એ મિત્રએ પછી ફરિયાદ કહી કે 'ભલે વડીલો શિખામણ આપતા બંધ થયા.... પણ આજે તો દરેક વયની વ્યક્તિ દ્વારા સલાહ - સૂચન - સુવાક્યો માથે મારવાનો ઉદ્યોગ મોટા પાયે શરૂ થઈ ગયો છે એનું શું ?'

'એટલે ?'

'અરે યાર, આ વોટ્સએપ પર નાના-મોટા બધા સુવાક્યો ને સલાહ - શિખામણોનો ધોધ વરસાવે છે એની વાત છે ! હવે બધા વડીલો બની બેઠા છે... એનું શું ?'

'હું ... વાત તો સાચી છે.... અમે કહ્યું અને પછી ઉમેર્યું : 'આને સમય સાથે આવેલા પરિવર્તન પ્રમાણે જૂની વડીલશાહી, 'ઘરડાપા'નું નવુ સંસ્કરણ - અદ્યતન આવૃત્તિ માનીને સહન કરવાનું.... હા, આમાં એક સુખ ખરું... જૂના જમાનામાં વડીલોની 'વડીલશાહી' સાંભળી લેવી પડતી હતી, આ નવી આવૃત્તિમાં 'વોટ્સએપ' પર આવતી 'વડીલશાહી' ને ડિલિટ કરી શકાય છે!!